GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

**ગુજરાતમિત્ર**

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
- Industries & Factories
- Commercial & Residential Buildings
- Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD,
OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ આઠમ ગુરુવાર ૨૦ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૪

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# કાશ્મીર ભારતનો મહત્વપૂર્ણ ભાગ: અમેરિકી રાજદૂત

**યુએસ** રાજદૂત સર્જિયો ગોરનું મોટું નિવેદન

**મુખ્યમંત્રી** ઓમર અબ્દુલ્લા સાથે બેઠક બાદ ડલ લેકમાં શિકારા સવારીની માણી મજા; આર્ટિકલ 370 હટાવ્યા બાદ યુએસ દૂતનો પ્રથમ પ્રવાસ



■ અમેરિકી રાજદૂત સર્જિયો ગોરની શ્રીનગરની પ્રથમ ઐતિહાસિક મુલાકાત: શિકારા સવારીની માણી મજા.


**શ્રીનગર, તા. 19.** જમ્મુ અને કાશ્મીર અંગે ભારતના લાંબા સમયના વલણને મજબૂત સમર્થન આપતાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે બુધવારે શ્રીનગરની તેમનીપ્રથમ મુલાકાત દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશને 'ભારતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ' ગણાવ્યો હતો. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે મુલાકાત કર્યા પછી ગોરે આ મોટું નિવેદન આપ્યું હતું.

આર્ટિકલ 370 નાબૂદ થયા પછી અને પહેલગામ હુમલા પછી યુએસ દૂત દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ સ્વતંત્ર મુલાકાત હતી.

અત્યંત ઉત્સાહિત ગોરે કહ્યું, "અહીં આવીને ખૂબ આનંદ થયો... આ ભારતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. હું અહીં પ્રથમ વખત આવ્યો છું. આ એક અત્યંત ખૂબસુંદર જગ્યા છે. હું અહીં આવીને, આ જગ્યા જોઈને રોમાંચિત છું." ગોરની આ ટિપ્પણી એક મોટા સમર્થન તરીકે જોવામાં આવશે, જેમાં કહેવામાં આવ્યું છે કે, જમ્મુ-કાશ્મીર દેશનો એક અવિભાજ્ય અને અભિન્ન અંગ છે,

...અનુસંધાન પાના 11 પર

# મધ્ય પ્રદેશમાં રખડતા શ્વાનના ત્રાસ સામે અનોખો વિરોધ



**કલેક્ટર** કચેરીએ શ્વાનનું માસ્ક પહેરી પહોંચ્યો યુવક

**નસબંધીના** રૂ. 40 લાખના ખર્ચ સામે સવાલ ઉઠાવી વિપક્ષી નેતાની અનોખી રજૂઆત; કલેક્ટરે તપાસ સમિતિની આપી ખાતરી

**ભોપાલ, તા. 19 (PTI):** મધ્યપ્રદેશના ખંડવામાં કલેક્ટરેટ ખાતે યોજાયેલી જન સુનાવણીમાં એક વ્યક્તિ શ્વાનનું માસ્ક પહેરીને આવી ગયો હતો. અસલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા દીપક 'મુલ્લુ' રાઠોડરે રખડતા કૂતરાઓની સમસ્યા અને કૂતરાઓની નસબંધીના અભિયાનમાં કથિત ગેરરીતિ સામે અનોખી રીતે રજૂઆત કરી હતી. રાઠોડરે જાહેર

...અનુસંધાન પાના 11 પર

### ઉત્તરાખંડના ચમોલીમાં રખડતા શ્વાનનો આતંક: ૧૦ શાળાઓ બંધ રાખવા આદેશ

**ચમોલી.** એક આદેશ અનુસાર, રખડતા આક્રમક કૂતરાઓના આતંકને કારણે અહીંની દસ સ્થાનિક શાળાઓ 23 ઓગસ્ટ સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ચમોલીના મુખ્ય શિક્ષણ અધિકારીએ આદેશમાં જણાવ્યું હતું કે, બ્લોક પંચાયત પ્રમુખે પત્ર લખીને વહીવટીતંત્રને નારાયણબગડ વિસ્તારમાં રખડતા અને આક્રમક કૂતરાઓ દ્વારા ઉભા થયેલા જોખમ અંગે જાણ કરી હતી. આ આદેશ હેઠળ, નારાયણબગડ અને નળગાંવ વિસ્તારની દસ ખાનગી અને સરકારી શાળાઓ 20 ઓગસ્ટથી 23 ઓગસ્ટ વચ્ચે બંધ રહેશે. તેમાં સરસ્વતી શિશુ મંદિર, ઉત્તરાંચલ વિદ્યા નિકેતન, શ્રી ગુરુ રામ રાય પબ્લિક સ્કૂલ (પંતી) અને મોડર્ન ચિલ્ડ્રન એકેડેમી સામેલ છે. મુખ્ય શિક્ષણ અધિકારી આકાશ સારસ્વતે શાળાના આચાર્યોને આદેશનું પાલન કરવા અને ઓનલાઇન વર્ગો ચલાવવા નિર્દેશ આપ્યો હતો.

# પાકિસ્તાને મરચાં લાગ્યાં: અમેરિકી ચાર્જ ડી અફેર્સને તેડાવ્યા

**યુએસ** રાજદૂતના નિવેદનથી પાકિસ્તાનમાં ખળભળાટ

**ઈસ્લામાબાદ, તા. 19 (PTI):** પાકિસ્તાને બુધવારે યુએસ ચાર્જ ડી અફેર્સ નતાલી બેકરને સમન્સ પાઠવ્યા હતા અને ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોર દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાત દરમિયાન જમ્મુ અને કાશ્મીર અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

શ્રીનગરમાં ગોરે બુધવારે પત્રકારોને જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીર એ ભારતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને તે અત્યંત ખૂબસુંદર જગ્યા છે.

ગોર, જેમણે શ્રીનગરમાં પ્રખ્યાત ડલ લેક ખાતે 'શિકારા' રાઇડની મજા પણ માણી હતી. ગોરે એમ પણ કહ્યું હતું કે, અમેરિકા જમ્મુ અને કાશ્મીરની મુસાફરી અંગેની એડવાઇઝરી પર પુનર્વિચાર કરશે. કારણ કે, કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ તેને વધુ સુરક્ષિત સ્થાન બનાવવા માટે પગલાં લીધાં છે.

ગોરની આ ટિપ્પણીના થોડા કલાકો પછી પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે ઈસ્લામાબાદમાં યુએસ ચાર્જ ડી અફેર્સને સમન્સ પાઠવ્યા હતા અને ગોર, જેઓ દક્ષિણ અને મધ્ય એશિયા માટે ટ્રમ્પ વહીવટીતંત્રના વિશેષ દૂત પણ છે, તેમના દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરને 'ભારતનો ભાગ' ગણાવવાની વાતને સખત શબ્દોમાં તીવ્ર નિંદા કરી છે અને સ્પષ્ટપણે ફગાવી દીધી છે."

નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું કે, "એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે જમ્મુ અને કાશ્મીર એ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત વિવાદિત ક્ષેત્ર છે, જે સંબંધિત યુએનએસસી ઠરાવો અને કાશ્મીરી લોકોની આકાંક્ષાઓ અનુસાર અંતિમ નિકાલની રાહ જોઈ રહ્યું છે."

## દિલ્હી ડાયરી



### પીએમ કેયર્સ ફંડ: ઘટતું દાન, રેકોર્ડ ક્લોઝિંગ બેલેન્સ

પીએમ કેયર્સ ફંડમાં કુલ યોગદાનમાં સરેરાશ ઘટાડો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તે ઘટીને રૂ.૪૭૯.૯૬ કરોડ પર આવી ગયું છે. જોકે, ખર્ચ ઘટીને પાંચ વર્ષના નીચલા સ્તરે એટલે કે રૂ.૮૭.૮૫ લાખ થઈ જતાં તેનું ક્લોઝિંગ બેલેન્સ રૂ.૮,૪૫૨.૦૬ કરોડની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયું છે.

પીએમ કેયર્સ ફંડ પોર્ટલ પર ઉપલબ્ધ તાજેતરની રસીદ અને ચુકવણી ખાતા (ઓડિટેડ) સ્ટેટમેન્ટ અનુસાર, કુલ યોગદાનમાંથી દેશનું દાન રૂ.૪૭૯.૦૪ કરોડ અને વિદેશી દાન આશરે રૂ.૯૨ લાખ રહ્યું છે. ફંડને વ્યાજની આવક તરીકે રૂ.૪૭૫.૧૪ કરોડ (ફિક્સ ડિપોઝિટમાંથી રૂ.૪૬૯.૩૭ કરોડ અને નિયમિત ખાતાઓમાંથી રૂ.૫.૭૬ કરોડ), બેંકોમાંથી ફિક્સ ડિપોઝિટના વ્યાજ પર ટીડીએસના રિફંડ

...અનુસંધાન પાના 11 પર

# અમેરિકામાં 18 સપ્ટેમ્બરથી ગ્રીન કાર્ડ મેળવવું બનશે વધુ મુશ્કેલ

**સરકારી** સહાય કે મેડિકેડ લેનારા ઈમિગ્રન્ટ્સની અરજીઓ ફગાવી શકાશે

**ગ્રીન કાર્ડની** રાહ જોઈ રહેલા હજારો ભારતીયોને અસર થવાની ભીતિ

**વોશિંગ્ટન, તા. 19 (PTI):** અમેરિકામાં ગ્રીન કાર્ડ અથવા કાયમી રહેઠાણ મેળવવા ઈચ્છતા ઈમિગ્રન્ટ્સ માટે 18 સપ્ટેમ્બરથી મુશ્કેલીઓ વધી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે 'પબ્લિક ચાર્જ' નિયમનો વ્યાપ વધાર્યો છે. આ નવા નિયમ હેઠળ સરકારી યોજનાઓ જેવી કે મેડિકેડ, ફૂડ સ્ટેમ્પ્સ અથવા કોઈપણ પ્રકારની સરકારી નાણાકીય સહાય લેનારા અરજદારોનું ગ્રીન કાર્ડ નકારી શકાશે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) દ્વારા આ નવો નિયમ 18 સપ્ટેમ્બરથી અમલી બનશે, જેની અસર ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા હજારો ભારતીયો પર પણ પડશે.

અગાઉના નિયમોમાં માત્ર રોકડ સહાય કે લાંબા ગાળાના સરકારી ખર્ચે સારવાર લેનારાઓને જ ગ્રીન કાર્ડ માટે અયોગ્ય ગણવામાં આવતા હતા. પરંતુ હવે નવો નિયમ લાગુ થતાં અધિકારીઓ અરજદારની ઉંમર, સ્વાસ્થ્ય, કૌટુંબિક સ્થિતિ, આર્થિક બેકગ્રાઉન્ડ, શિક્ષણ અને તેના પર નિર્ભર પરિજનો દ્વારા લેવાયેલા સરકારી લાભોને પણ ધ્યાનમાં લેશે. બાઈડન પ્રશાસનના 2022ના નિયમોને રદ્દ કરીને આ નવો નિર્ણય લેવાયો છે, જે 18 સપ્ટેમ્બર પછી સબમિટ થનારી તમામ I-485 અરજીઓને લાગુ પડશે.

જો અધિકારીને લાગશે કે અરજદાર ભવિષ્યમાં સરકાર પર બોજ બની શકે છે, તો તેને પબ્લિક ચાર્જ બોન્ડ ભરવા માટે કહી શકાય છે. એક અનુમાન મુજબ આ કડક નિયમના ડરથી 14 લાખથી 41 લાખ લોકો સરકારી આરોગ્ય યોજનાઓમાંથી પોતાના નામ પાછા ખેંચી શકે છે. જોકે શરણાર્થીઓ,

...અનુસંધાન પાના 11 પર

### પોલીસ ભરતીની ખુશીની પાર્ટી બની મોતની મહેફિલ

# ભાવનગરમાં લઠ્ઠાકાંડની આશંકા, પાંચથી વધુના મોત, 20 ગંભીર

**ઉજ્જૈનથી** આવેલી ૨૮ પેટી 'રોયલ સ્ટેગ'ની બોટલોમાં ભેળસેળનો ઘટસ્ફોટ

**૧૫ પેટી** જપ્ત, ૧૩ની શોધખોળ, મુખ્ય સપ્લાયર સહિત ૧૩ શખ્સ પોલીસની ઝપટમાં

**ગાંધીનગર:** ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ખરકડી ગામે નકલી વિદેશી દારૂના સેવનથી સર્જાયેલી ઘટનાએ લઠ્ઠાકાંડની દહેશત જગાવી છે. પોલીસ ભરતીમાં પસંદગીની ખુશીમાં યોજાયેલી દારૂની પાર્ટી બાદ એક પછી એક લોકોની તબિયત લથડતાં અત્યાર સુધીમાં ચાર મોતની પુષ્ટિ અને વધુ એક મોત શંકાસ્પદ હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ છે. ઘટનાની તપાસમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનથી 'રોયલ સ્ટેગ'ની ૨૮ પેટી દારૂની બોટલો ભાવનગર લાવવામાં આવી હતી અને વરતેજમાં તેમાં ભેળસેળ

...અનુસંધાન પાના 11 પર

### ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ, કેટલાક ગંભીર

નકલી દારૂના સેવન બાદ અસરગ્રસ્તોમાં ચક્કર આવવા, ઊલટી થવી, દૃષ્ટિ ધૂંધળી થવી સહિતની તકલીફો જોવા મળી હોવાનું તબીબી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. હાલ ભાવનગરની સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ છે. તેમાં કેટલાક દર્દીઓની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બે દર્દીઓને વેન્ટિલેટર પર રાખવામાં

...અનુસંધાન પાના 11 પર

### ૧૩ શખ્સો રાઉન્ડઅપ, ૧૬ ટીમ તપાસમાં

ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નીતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની ૧૬ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્ય સપ્લાયર ગૌતમ સોલંકી સહિત અત્યાર સુધીમાં ૧૩ શખ્સને રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા તેમની પૂછપરછ કરીને નકલી દારૂની સમગ્ર સપ્લાય ચેઇન શોધવાનો પ્રયાસ કરવામાં

...અનુસંધાન પાના 11 પર

# સીજેપી-વિદ્યાર્થી આંદોલનની અસર: જેન ઝીને રિઝવવા મોદી મેદાને

**નીટ પેપર લીક વિવાદ અને દેશવ્યાપી વિદ્યાર્થી આંદોલનોની પૃષ્ઠભૂમિમાં કેન્દ્ર સરકારે યુવા પેઢી (Gen-Z) સાથે સીધો સંવાદ સાધવા બહુઆયામી રણનીતિ ઘડી છે. 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાન હેઠળ દરરોજ એક કેન્દ્રીય મંત્રીને યુનિવર્સિટીમાં મોકલી વિદ્યાર્થીઓની ચિંતાઓ સાંભળવાનો અને સરકારી યોજનાઓની માહિતી આપવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે જ, યુવાનો સુધી સરકારી સંદેશાઓ ઝડપથી પહોંચાડવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં કેન્દ્રીય મંત્રીઓના સોશિયલ મિડિયા પરફોર્મન્સની સમીક્ષા કરી તેમની ડિજિટલ પહોંચ વધારવા કડક આદેશો આપવામાં આવ્યા છે.**

## જેન ઝી સાથે જોડાવા મોદી રોજ એક કેન્દ્રીય મંત્રીને કોઈ એક યુનિવર્સિટીમાં મોકલશે

**મનસુખ** માંડવિયા અને પ્રહલાદ જોશીને સોંપાઈ જવાબદારી

**નવી દિલ્હી, તા. 19 (PTI):** જેન ઝી (યુવા પેઢી) સુધી પહોંચવાના એક મોટા પ્રયાસરૂપે મોદી સરકાર દેશની યુવા પેઢી સાથે જોડાવા, તેમની ચિંતાઓ પર ચર્ચા કરવા અને દેશ સામેના મુદ્દાઓ પર તેમના દૃષ્ટિકોણને વધુ સારી રીતે સમજવા માટે દરરોજ એક કેન્દ્રીય મંત્રીને એક યુનિવર્સિટીમાં મોકલવાનું આયોજન કરી રહી છે. આ પહેલ દિલ્હીના જંતર-મંતર ખાતે અને દેશના અન્ય ભાગોમાં નીટ પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનની પૃષ્ઠભૂમિમાં આવી છે. આ પહેલથી વાકેફ સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, 'વન ડે, વન યુનિવર્સિટી' (એક દિવસ, એક યુનિવર્સિટી) કાર્યક્રમ હેઠળ, એક કેન્દ્રીય મંત્રી ફાળવેલ યુનિવર્સિટીની મુલાકાત લેશે જેથી તેઓ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી શકે, વિવિધ વિષયો પર તેમના વિચારો

...અનુસંધાન પાના 11 પર

## કેબિનેટમાં સોશિયલ મીડિયા પરફોર્મન્સની સમીક્ષા: વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોપ પર

**કેન્દ્રીય** મંત્રીઓની સોશિયલ મિડિયા રીચ વધારવા મંથન

**નવી દિલ્હી, તા. 19 (PTI).** વડા પ્રધાન નરેન્દ્ર મોદી શીર્ષ સ્થાને હોવા સાથે કેન્દ્રીય મંત્રીઓની સોશિયલ મિડિયા પહોંચ અંગે બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં ચર્ચા થઈ હતી. જેમાં મંત્રીઓને કહેવામાં આવ્યું હતું કે તેમના સંદેશાઓ વધુમાં વધુ લોકો સુધી, ખાસ કરીને યુવાનો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો ઝડપી બનાવે. તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કેબિનેટ મંત્રીઓના સોશિયલ મિડિયા એકાઉન્ટ્સના પરફોર્મન્સ સંબંધિત ડેટા શેર કરવામાં આવ્યો હતો, જેમાં વડા પ્રધાન રેન્કિંગ લિસ્ટમાં સૌથી ઉપર રહ્યા હતા. આ બેઠકમાં મંત્રીઓની સોશિયલ મિડિયા પોસ્ટ્સની પહોંચ અંગે ચર્ચા કરવામાં આવી હતી, જ્યાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, તેમના સંદેશાઓ વધુમાં વધુ લોકો, ખાસ કરીને

...અનુસંધાન પાના 11 પર

## તા. ૨૦-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૧.૦ મીમી | મોસમનો ૧૭૭૯ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૦૨ ફૂટ | આઉટફ્લો ૨૩,૧૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૬ સે. | ૨૬.૯ સે. | ૭૯% |